“ડ્રાઈવીંગ સલામત તો જીવન સલામત”

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION


૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૪.
ફોન, ફેક્સ નં. (૦૭૯) ૨૫૬૨૧૪૪૭
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.in

75, Sahjanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibag Road, Ahmedabad-380004.
Phone, Fax No. :- (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.in

| President : | Acting President : | Hon. Secretary : |
| --- | --- | --- |
| SHRI VASANBHAI G. AHIR | SHRI MAVJIBHAI B. DODIA | SHRI MUKESHBHAI C. DAVE |
| (Gandhinagar) | (Rajkot) | (Ahmedabad) |
| (O) 79-23250123/24 | (O) 281-2481900 | (O) 02718-261516, 079-65449241, |
| Fax : 79-23250125 (M) 99250 25148 | Fax : 281-2482186 (M) 9624019991 | 079-65449187 (M) 98240 39477 |


રેફ : એ.જી.ટી.ટીએ/૨૦૧૬-૨૦૧૭/પરિપત્ર/૧૪ તા.૨૨-૧૧-૨૦૧૬

**અગત્યનો પરિપત્ર**

પ્રતિ,
સર્વ એસોસીએશન જોગ,
સર્વ સભાસદ ભાઈઓ,

**વિષય :- આર.ટી.ઓ. ટેક્ષમાં તા.૩૧-૦૩-૨૦૧૩સુધીમાં ભરવાની બાકી રહેતી રકમ ઉપર વ્યાજ માફીની સ્કીમ બાબત**

સુજ્ઞ સભ્યશ્રી,

સવિનય જણાવવાનું કે રાજ્ય સરકારે વાહનવેરા બાબતે તા.૩૧-૦૩-૨૦૧૩ સુધમાં જો કોઈ રકમ બાકી હોય તો તેના ઉપર વ્યાજ માફી જાહેર કરેલ છે. આ રકમ તા.૨૧-૧૧-૨૦૧૬થી ૩ મહિનામાં ભરવાની રહેશે અને તે તારીખ સુધીનું જે કોઈ વ્યાજ હશે તો તેની માફી મળશે.

સાથે સાથે તા.૨૪-૧૧-૧૬સુધીમાં તે રકમ વ્યાજ વગર રૂા.૫૦૦ તેમજ રૂા.૧૦૦૦ની નોટોથી રોકડમાં જે-તે આર.ટી.ઓ. કચેરીમાં ભરી શકાશે.

રાજ્ય સરકારનો ઠરાવ તેમજ તે બાબતે ભરવાના ફોર્મ આ સાથે સામેલ રાખેલ છે. જે આપશ્રીને વિદીત થાય.

અત્યારની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખતાં વ્યાજ માફી તેમજ બંધ થયેલી નોટોથી ભરણું થાય તે ઉત્તમ તક છે. તો સર્વે સભ્યશ્રીઓ, ટ્રાન્સપોર્ટરભાઈઓ, ગાડી માલીકોને આ બાબતની માહીતી આપી તુરત જ આ યોજનાનો લાભ લેવા સમજ આપી તે માટે યોગ્ય કરવા વિનંતી.

આભાર સહ,

આપના વિશ્વાસુ

માવજીભાઈ બી. ડોડીયા
(કાર્યકારી પ્રમુખ)

મુકેશભાઈ સી. દવે
(માનદમંત્રી)

સામેલ : રાજ્ય સરકારનો ઠરાવ તેમજ ફોર્મ

નં.ટેક્ષ/વ્યાજમાફીયોજના૨૦૧૬/પ્રચાર/ઓન ૪૦૪૦
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં. -૬, બીજો માળ, સચિવાલય,
ગાંધીનગર. તા. ૨૧-૧૧-૧૬

21 NOV 2016

પ્રતિ,
સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
તમામ,
આઇ.એમ.વી.કચેરી, ગાંધીધામ.
ચેકપોસ્ટ તમામ

વિષયઃ- એમનેસ્ટી સ્કીમ ૨૦૧૬ ના અમલ માટે સમાચાર માધ્યમ તથા ઈલેક્ટ્રોનીક મીડીયામાં પ્રચાર કરવા બાબત.

અનુઃ- વાહન વ્યવહાર વિભાગના તા.૧૯-૧૧-૧૬ ના પત્ર અન્વયે

ઉપરોકત વિષય તથા અનુસંધાને જણાવવાનું કે, સરકારશ્રીએ બાકી વેરા ઉપર ચડત વ્યાજમાં વ્યાજ માફી યોજના ૨૦૧૬ જાહેર કરેલ છે. જે સરકારશ્રીના તા.૨૧-૧૧-૧૬ ના ઠરાવની નકલ આ સાથે સામેલ રાખેલ છે. જે અનુસંધાને તાત્કાલીક અસરથી ઠરાવની અમલવારી તથા મોટરીંગ પબ્લીકમાં બહોળા પ્રમાણમાં પ્રચાર/પ્રસાર થાય અને વધુમાં વધુ મોટરીંગ પબ્લીકને લાભ મળે તે હેતુસર સમાચાર માધ્યમ તથા ઈલેક્ટ્રોનીક મીડીયામાં તાત્કાલીક અસરથી જાહેરાત આપવા જણાવવામાં આવે છે.

વાહન વ્યવહાર કમિશ્નર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

Akhil Gujarat truck Transport Asso.
Rec. : Dt.22-11-2016

**ORDER**

Ports and Transport Department
Sachivalaya, Gandhinagar.
Dated the 18th November, 2016.

GUJARAT MOTOR VEHICLES TAX ACT, 1958,

No. PT/2016/53/MVD/102011/550/KH :- In exercise of the powers conferred by sub section 3 of section 8 A of the Gujarat Motor Vehicles Tax Act, 1958, the State Government is hereby remit the whole amount of interest payable under sub section 3 of section 8 A for the period up to 31st March, 2013, subject to the payment of Principal amount and penalty imposed thereon.

This order shall remain in force up to the last day of February, 2017 from the date of issuance this order.

By order and in the name of the Governor of Gujarat.

Soni.S.R.
(S.R.Soni)
Deputy Secretary to Government,

Copy to:

1. The Manager, Government Central Press, Gandhinagar.
-With a request to publish Notification in Part-IV-A of Gujarat Government Gazette Extra Ordinary of today's date and supply spare copies of the Notification to the following departments as indicated against them.

| | | No. of copies |
|---|---|---|
| (a) | Ports and Transport Department, Sachivalaya, Gandhinagar. | 350 |
| (b) | Commissioner of Transport, Gujarat, Gandhinagar. | 50 |
| (c) | Legislative and Parliament Affairs Department, Sachivalaya, Gandhinagar. | 05 |

(P.T.O)

**CORRIGENDUM**

Ports and Transport Department
Sachivalaya, Gandhinagar.
Dated the 21st November, 2016.

GUJARAT MOTOR VEHICLES TAX ACT, 1958,

No.PT/2016/54/MVD/102011/550/KH:- In the order No. PT/2016/53/MVD/102011/550/KH,Dated:18.11.2016, for the words and figures "remit the whole amount of interest payable under sub section 3 of section 8 A" the words and figures " remits the whole amount of interest payable under sub section 3 of section 8 A imposed on Motor Vehicle Tax due "shall be substituted.

By order and in the name of the Governor of Gujarat.

(Prakash Majmudar)
Deputy Secretary to Government,

Copy to:
1. The Manager, Government Central Press, Gandhinagar.
-With a request to publish Notification in Part-IV-A of Gujarat Government Gazette Extra Ordinary of today's date and supply spare copies of the Notification to the following departments as indicated against them.

| | | No. of copies |
|---|---|---|
| (a) | Ports and Transport Department, Sachivalaya, Gandhinagar. | 350 |
| (b) | Commissioner of Transport, Gujarat, Gandhinagar. | 50 |
| (c) | Legislative and Parliament Affairs Department, Sachivalaya, Gandhinagar. | 05 |

(P.T.O)

| મોટર વાહન વેરા ચડત વ્યાજ રાહત યોજના ૨૦૧૬ |
|---|

ગુજરાત સરકાર,
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ
ઠરાવ ક્રમાંક-એમવીડી-૧૦૨૦૧૧/૫૫૦/ખ
સચિવાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
તારીખ. ૨૧-૧૧-૨૦૧૬

-:: ઠ રા વ ::-

વંચાણે લીધાઃ-(૧) વાહન વ્યવહાર કમિશ્નરશ્રીનાં પત્ર ક્રમાંક-બાકીકર-રીકરીંગ-વ્યાજ માફી-ઓન-૫૯૦, તા.૧-૮-૨૦૧૫.

(૨) ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ,૧૯૫૮ની કલમ-૮એ હેઠળના જાહેરનામાક્રમાંક-આરટી-૨૦૦૭-૨૭-એમવીડી-૧૦૨૦૦૭-૬૯૫-ખ, તા.30-3-૨૦૦૭.

આમુખઃ-

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ,૧૯૫૮ ની કલમ-૮-એ હેઠળના સંદર્ભ-૨ ના જાહેરનામાથી મોટર વાહન વેરો ભરવામાં ન આવે તો વેરાની વિલંબીત ચુકવણી માટે પ્રત્યેક માસ અથવા તેના ભાગ માટે ૧.૫ ટકા વ્યાજ વસુલ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં ચડત વ્યાજની કોઇ મહત્તમ મર્યાદા નકકી કરવામાં આવેલ નથી. તે કારણોસર ઘણા લાંબા સમયથી વેરો બાકી હોય તો વેરાની મુળ કરતાં વ્યાજની રકમ વધી જાય છે જેના લીધે બાકીદાર મોટર વાહન વેરો ભરવામાં ઉદાસીનતા દાખવે છે. આથી મોટર વાહન વેરાના અમલીકરણમાં તંત્ર ધ્વારા વધુને વધુ સમય આપી શકાય અને સરકારની મોટર વાહન વેરાની આવક ઝડપથી થાય તે માટે મોટર વાહન વેરા ચડત વ્યાજ રાહત યોજના-૨૦૧૬ લાવવાની રાજય સરકારને જરુર જણાઇ છે. આ યોજનાની જરૂરી સૂચનાઓ નીચે પ્રમાણે છે.

ઠ રા વ.

૧. આ યોજના મોટર વાહન વેરા ચડત વ્યાજ રાહત યોજના-૨૦૧૬ તરીકે ઓળખાશે.
૨. આ યોજનાનો સમયગાળો યોજના જાહેર થયા તારીખના ત્રણ માસ સુધી અમલી રહેશે.
૩. આ યોજના હેઠળ લાભ લેનાર લાભાર્થી સામે બાકી વાહન વેરાની રકમ તા.૩૧-૩-૨૦૧૩ પહેલાંની હોવી જોઇએ. તા.૩૧-૩-૨૦૧3 પછી બાકી થયેલી રકમને આ લાભ નહીં મળે.
૪. બાકી નીકળતો સંપૂર્ણ મુદ્દલ મોટર વાહન વેરો તથા દંડ ભરનારને આ યોજનાનો લાભ આપવામાં આવશે.

૫. યોજનાના સમયગાળા દરમ્યાન બાકી મુદ્દલ મોટર વાહન વેરો તથા દંડ ભરપાઇ કરી વ્યાજ રાહત મેળવવા આ સાથેનાં પરિશિષ્ટ-૧ માં દર્શાવેલા નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

૬. આવી અરજી મળ્યેથી બાકી વેરો, વ્યાજ, દંડ તથા ભરાયેલા પુરે પુરા બાકી મુદ્દલ વેરાની તથા દંડની રકમની ખરાઇ કરી પુરેપુરી વ્યાજ રાહત આપવાની રહેશે.

૭. આ યોજનામાં આપવામાં આવેલ વ્યાજ માફીની વિગતો પરિશિષ્ટ-૨ ના પત્રકમાં નિભાવવાની રહેશે.

૮. આ યોજના અન્વયે થયેલી અરજીના અનુસધાને લાભ આપવાપાત્ર છે કે કેમ ? તે અંગેનો વેરાકીય સત્તાધિકારી (ટેક્ષેશન ઓથોરીટી) નો નિર્ણય આખરી રહેશે.

૯. આ યોજનાનો લાભ લેનાર યોજનાના અનુસંધાને લીધેલા નિર્ણયના અનુસંધાને કોઇ કોર્ટ કે અન્ય સત્તાધિકારી અપીલ/વિવાદ કરી શકાશે નહીં.

૧૦. લાભાર્થીએ તેઓની કોઇપણ સત્તાધીકારી/કોર્ટ સમક્ષ ચાલતી અપીલ/વિવાદ પરત ખેંચવા બદલનો હુકમ રજુ કરવાનો રહેશે.

૧૧. આ રકમ આરટીઓ/અઆરટીઓ કચેરીઓમાં જ રોકડા અથવા ડીડીથી ભરવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પ્રકાશ મજમુદાર)
નાયબ સચિવ,
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ.

પ્રતિ,

૧. માનનીય રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી (ટપાલ મારફત)
૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
૩. સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી/સર્વે માન.મંત્રીશ્રી(રા.ક.)ના અંગત સચિવશ્રી.
૪. માન.મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી.
૫. સચિવાલયના સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવ/અગ્રસચિવ/સચિવશ્રી.
૬. વાહન વ્યવહાર કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૭. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ-રાજકોટ.
૮. વેરા સત્તાધિકારી અને આરટીઓ/એઆરટીઓશ્રી તમામ.

# પરિશિષ્ટ-૧

પ્રેષક :--------------------------------
વાહન નંબર :---------------------------
તારીખઃ- ---------------------------------

પ્ર તિ,
વેરાકીય સત્તાધિકારી,
-----------------

વિષયઃ-મોટર વાહન વેરા ચડત વ્યાજ રાહત યોજના-૨૦૧૬ નો લાભ આપવા અંગે.
સંદર્ભઃ-બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો ઠરાવ ક્રમાંકઃ----------------------
---------------------------------------------------------------

શ્રીમાન,

હું મોટર વાહન વેરા ચડત વ્યાજ રાહત યોજના-૨૦૧૬ નો લાભ લેવા ઈચ્છુ છું. મારી વિગતો નીચે પ્રમાણે છે.

૧. નામ :-
૨. સરનામું :-
૩. વાહન નંબર :-
૪. વાહનનો પ્રકાર :-
૫. બાકી મોટર વાહન વેરા, વ્યાજ,દંડની વિગત :-

| બાકી વેરાની રકમ | ક્યારથી બાકી છે ? માસ/વર્ષ લખવું. | બાકી વ્યાજ | બાકી દંડ |
|---|---|---|---|
| | | | |

(નોંધઃ- તા.૩૧-૩-૨૦૧૩ પહેલાંથી વેરો બાકી હોય તેવા બાકીદારો વેરાની પુરી રકમ ભરપાઈ કરશે તો તેમને વ્યાજની રકમ માફ થશે )

૬. મેં આજદિન સુધીની બાકી વેરાની રકમ રુ.-------------ભરેલ છે. તેમજ ચાલુ સમયગાળા ---------------માટેની વેરાની રકમ રુ.-------------પણ એડવાન્સમાં ભરેલ છે. આ બંને રકમ ભર્યા અંગેની પહોંચની નકલ આ સાથે સામેલ છે.
૭. મોટર વાહન વેરા બાબતે મારો કોઈ કોર્ટ કેસ/અપીલ/રીવીઝન/અપીલ/વિવાદ પડતર નથી.
૮. ઉપરોકત વિગતે મને મોટર વાહન વેરા ચડત રાહત યોજના-૨૦૧૬ નો લાભ આપવા વિનંતી છે.

-------------------------

## ઈ ક રા ર.

ઉપરોકત તમામ હકીકત સત્ય અને ખરી છે. તે હું પ્રતિજ્ઞા પુર્વક જાહેર કરુ છું. આ વિગતો પૈકી કોઈ વિગતો ખરી ન હોય તો મને આ યોજનાનો લાભ નહી મળે તેની મને જાણ છે તથા ખોટી વિગતો/રજુઆતોના અનુસંધાને કાનુની પગલાઓ લઈ શકાય છે.

અરજદારની સહી.



-------------------------

## માત્ર કચેરીના ઉપયોગ માટે.

### ચેકલીસ્ટ.

૧. નામ :-

૨. સરનામું :-

૩. વાહન નંબર :-

૪. બાકી મોટર વાહન વેરાની મુદ્લ રકમ :-

૫. કયારથી બાકી પડેલ છે :-

૬. બાકી વ્યાજ :-

૭. બાકી દંડ :-

૮. ભરાયેલ મુદ્લ વેરો------------- રસીદ નં.------------તારીખ--------------

૯. ભરાયેલ મુદ્લ દંડ-------------- રસીદ નં.------------તારીખ--------------

ઉકત વિગતે આ અરજદારે બંદરો અને વાહન વ્યવહાર વિભાગના હુકમ ક્રમાંક ----------------------------------નું પાલન કરેલ છે. જેની તેઓ સામે તારીખ-------------- થી ચડત વ્યાજ રૂ.-------------- મારફ કરીએ.

શાખા કારકુન.

વડા કારકુન.

એ.આર.ટી.ઓ. વેરાકીય અધિકારીશ્રી.

# પરિશિષ્ટ-૨.

કચેરી :- ----------------------------------------------------------------

| ક્રમ | અરજદારનું નામ | વાહન નંબર | બાકી મુદ્લ વાહન વેરો | કયારથી બાકી છે? | ચડત વ્યાજ | દંડ | આ યોજનાતળે મુદ્લ રકમ ભરપાઇ થયા તારીખ | રસીદ નંબર | આપેલ વ્યાજ રાહત. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |